**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં અધિક માસના આરંભે કાંઠાગોરની પૂજા કરાઈ

## કાંઠાગોર ની પૂજામાં પાંચ ઢગલી ઉપર અબીલ ગુલાલ, કંકુ, હળદર, ચૂંદડી, સૂતર, સોપારી, ફૂલ, જળ, દૂધ, વિ.ચડાવીને પૂજા કરવામાં આવે છે

અધિક માસમાં પ્રથમ દિવસે મહિલાઓ દ્વારા મંદિરોમાં કાંઠા ગોર ની પૂજા કરવામાં આવી હતી.દરેક વ્રતમાં મોટાભાગે કાંઠાગોર ની પૂજા અવશ્ય કરવામાં આવે છે. હજારો વર્ષ પૂર્વે ભારતીય સંસ્કૃતિમાં ઋષિકાળથી પ્રસ્થાપિત આ પ્રણાલી છે. આપણને પ્રશ્ન એ થાય કે એવરત-જીવરત વ્રત હોય, મોળાં વ્રત હોય કે જયાપાર્વતી વ્રત હોય કે પછી પવિત્ર પુરુષોત્તમ માસ હોય, કાંઠાગોરનું પૂજન અવશ્ય કરવામાં આવે છે. તો આ કાંઠાગોર શું છે? કાંઠા એટલે નદીકિનારો ગોર અને ગોર્ય ગોર્ય એટલે ગવરી.

નદીકિનારાનાં માતાજી એટલે કાંઠાગોર ઋષિકાળમાં દરેક લોકો પોતાના ગામમાં નદીકિનારે, તળાવે કે ઝરણાના કિનારે સ્નાન કરી ત્યાં જ માટીના કે રેતીના ઢગલા કરીને કાંઠાગોર બનાવીને બહેનો પૂજન કરતાં.

પૃથ્વી પર મુખ્યત્વે પંચતત્વ ધરતી, જળ, વાયુ, આકાશ અને અગ્નિ ગણાયા છે. જે પણ આ પાંચ ઢગલી તેના પ્રતિકરૂપે ગોઠવવામાં આવે છે. મનુષ્યનો દેહ પણ આ પંચમહાભૂત તત્વનો બનેલો છે. જે ઈશ્વરને પૃથ્વીને આપેલી ઉત્તમ ભેટ મનાયી છે. તેથી ઈશ્વરનાં પ્રતિનિધિત્વ એવા અંશ એવા પંચમહાભૂતતત્ત્વનું પૂજન કાંઠાગોર સ્વરુપમાં કરવામાં આવે છે.



### કાંઠાગોરનું સ્વરૂપઃ

લાકડાના પાટલા ઉપર કે સ્વચ્છ જમીન ઉપર માટીની, રેતીની પાંચ ઢગલી કરવામાં આવે છે. જો રેતી કે માટી ન હોય તો ધતૂરાનાં પાંચ ફૂલ મૂકીને પણ કાંઠાગોર બનાવી શકાય છે. પાંચ નાગરવેલનાં પાન ઉપર અલગ અલગ પાન પર એક એક સોપારી મૂકીને પણ બહેનો કાંઠાગોર બનાવે છે.

### કાંઠાગોરનું પૂજનઃ

આ પાંચ ઢગલી ઉપર, અબીલ ગુલાલ, કંકુ, હળદર, ચૂંદડી, સૂતર, સોપારી, ફૂલ, જળ, દૂધ, વિગેરે ચઢાવીને પૂજા કરવામાં આવે છે. આરતી ઉતારી પ્રસાદ ધરવામાં આવે છે. મોટાભાગના લોકોને કાંઠાગોર પૂજનનું રહસ્ય શું છે એ બાબતોનો ખ્યાલ નહીં હોય. કાંઠાગોર પૂજનનું ખૂબ સુંદર રહસ્ય છે.

### કાંઠાગોરનું રહસ્ય :


કાંઠાગોરમાં પાંચ માટીની, રેતીની ઢગલી હોય છે. પ્રશ્ન એ છે કે પાંચ જ ઢગલી શા માટે? બે કે ત્રણ કેમ નહીં? તેના જવાબમાં જોઈએ તો જગતગુરુ શંકરાચાર્યએ પંચદેવ આરાધના પ્રણાલી પ્રસ્થાપિત કરેલી જેમાં હંમેશાં ઘરની અંદર મુખ્ય પાંચ દેવતા, જેમાં ગણેશજી, શિવજી, શ્રી હરિ વિષ્ણુ, આદ્યશક્તિ મા અંબા અને સૂર્યદેવ એમ પાંચ દેવની પૂજા નિત્ય કરવાનું વિધાન છે માટે પાંચ ઢગલી એ પાંચ દેવોનું પ્રતીક છે. બીજા અર્થમાં કહીએ તો પાંચેય દેવની પટરાણી, માતાજીનું સ્વરૂપ પણ કહી શકાય. એથીય વિશેષ જોઈએ તો જગતનાં મુખ્ય પાંચ મૂળભૂત તત્ત્વો, પૃથ્વી, જળ, વાયુ, આકાશ અને અગ્નિ એમ કરીને પાંચ ઢગલીઓ એટલે આ પંચમહાભૂત તત્ત્વ. આપણો દેહ પણ પંચમહાભૂત તત્ત્વોનો બનેલો છે અને એ દેહ ઈશ્વરનો જ અંશ છે તેથી ઈશ્વરના અંશ જ પંચમહાભૂત તત્ત્વની પૂજા કાંઠાગોરના સ્વરૂપમાં કરીએ છીએ.

હજી પણ સવિશેષ જોઈએ તો આપણી હિન્દુ સંસ્કૃતિનાં મુખ્ય ચારેય દિશાનાં યાત્રાધામ જેમાં ઉત્તરમાં બદ્રીનાથ, પૂર્વમાં જગન્નાથપુરી, દક્ષિણમાં રામેશ્વર, પશ્ચિમમાં દ્વારિકા અને મધ્યમાં ગોવર્ધન પર્વત એમ ગણીને આ પાંચેય મુખ્ય યાત્રાના પ્રતિક રૂપ કાંઠાગોરની પાંચ ઢગલીની પૂજા કરવામાં આવે છે. શરીરની મુખ્ય પાંચ કર્મેન્દ્રિય એટલે કાંઠાગોરની પાંચ ઢગલી છે.

### અધિક માસમાં કાંઠાગોર પૂજનનું ફળ

પુરુષોત્તમ માસમાં આખો મહિનો પવિત્ર સ્નાન કરીને કાંઠાગોરનું પૂજન કરવું જોઈએ, પરંતુ સંજોગવશાત્ તેમ ન થઈ શકે તો પુરુષોત્તમ માસના અંતિમ પાંચ દિવસ પૂજન કરી ગંગાજળ અને તલમિશ્રિત જળ કાંઠાગોર ઉપર ચડાવવાથી પિતૃઓ સદ્ગતિ પામે છે અને તૃપ્ત થાય છે. અંતિમ પાંચ દિવસમાં કાંઠાગોરની સાક્ષીએ કોઈ પણ પ્રકારનો નિયમ, ઉપવાસ, એકટાણાં, જપ, તપ, વ્રત દાન ખૂબ જ ફળ આપે છે.

## જન્મદિને વધામણી



દક્ષ પટેલ
મો. ૭૬૦૦૪ ૪૮૪૨૮



ધ્રુવરાજસિંહ મોન્ટુસિંહ રાણા



યશરાજસિંહ જીતેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૬૨૪૩ ૨૯૭૦૪

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ગોહિલ ભીખાજી રામાજી, ઉ.વ.૫૨, બિલમણા, દહેગામ
- સ્વ. રબારી ઝલુબેન જીવણભાઈ, ઉ.વ.૯૭, ગાંધીનગર
- સ્વ. ઠાકોર મધુબેન ઘનશ્યામ, ઉ.વ.૪૫, સાદરા
- સ્વ. સોઢા પરમાર દેવરાજસિંહ કિરીટસિંહ, ઉ.વ.૧૬, બોરીજ
- ઠાકોર સિદ્ધરાજસિંહ બળદેવજી, ઉ.વ.૨૨, ચાંદીસણા, માણસા
- સ્વ. વ્યાસ નિશાબેન હરેશકુમાર, ઉ.વ. ૫૨, ગાંધીનગર
- સ્વ. દવે ઉર્મિલાબેન રામપ્રસાદ, ઉ.વ.૯૧, ગાંધીનગર
- સ્વ પટેલ કાન્તાબેન જયંતિભાઈ, ઉ.વ.૭૮, સોનીપુર
- વેદરાનાથન એ.એન., ઉ.વ. ૯૧, અડાલજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગુરૂ કવિ પરિષદ ગૃપ આયોજીત ‘શબ્દ સુરપથ’ કાવ્યસંગ્રહ વિમોચન અને કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૧૮

ગુરૂ કવિ પરિષદ ગૃપ આયોજીત ગુરૂ બ્રાહ્મણ સમાજના કવિઓ ધ્વારા રચાયેલ ‘શબ્દ સુરપથ’ રચનાઓના પુસ્તક વિમોચન ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખશ્રી રમેશ ઠકકરના અધ્યક્ષસ્થાને ઉત્તમ ગઝલકાર તરીકે વિખ્યાત એવા શ્રી રમેશભાઈ ચૌહાણએ ગાંધીનગર ખાતે કર્યુ હતુ.





આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી ઠકકરે જણાવ્યુ કે, સોશિયલ મિડીયાના આ યુગમાં જોઈએ એટલા કવિઓ – સાહિત્યકારો મળી આવે. પણ એક જ સમાજના સર્જકોની સાહિત્યકૃતિઓ એકત્રિત કરીને તેનું પ્રકાશન કરવાની આ નવતર ધારાને હું બિરદાવુ છું.

સારસ્વત ગર્ગઋષિ ગોત્રી મહર્ષિ તેજાનંદ સ્વામીના પંથકના વતની હોવાનો આનંદ વ્યકત કરીને તેમણે કાવ્ય સંગ્રહમાંની કેટલીક કૃતિઓનો આસ્વાદ કરાવીને નવોદિતો માટે પણ જરૂરી સૂચનો આપ્યા હતા.

‘શબ્દ સુરપથ’ના વિમોચક શ્રી રમેશભાઈ ચૌહાણે આ નવો સંગહ જેમના કાવ્યો છે તેમને તો ગમવાનો જ છે. સાથેસાથે ગુજરાતી ભાષાના ભાવકોને પણ આનંદની અનુભૂતિ કરાવશે. ગઝલની ગલીમાં નિતાંત નિવાસ ‘ શબ્દો પર કાગળ પ જીવશું’ ની કેટલીક રચનાઓ રજુ કરીને તેમને શ્રોતાઓના મન-હદયને ભીંજવ્યા હતા.

જાણીતા કર્મશીલ અને ઉદઘોષક ભાનુભાઈ દવેએ કહયુ કે, ભકિત-મુકિત આંદોલનના મધ્યકાલીન યુગમાં સમાજના અનેક સંત સાહિત્યકારોએ લોકજીવનનું ઘડતર કરવાનું-ધર્મમય બનાવવાનું કાર્ય કર્યુ છે. અનુભવ વાણી સાહિત્યના વિવિધ માધ્યમો ધ્વારા અભિવ્યકત કર્યુ છે. સમાજના કવિ મિત્રોનું મહિમાવંતુ સ્વપ્ર સાકાર કરવા બદલ એડમીનશ્રી દીલીપ ઘોળકીયા અને પારૂલ અમિતને શ્રી ભાનુભાઈએ સન્માનિત કર્યા હતા. તેમણે પૂર્વ એડીશ્નલ કલેકટર-ટુરીઝમ વિભાગના ખાસ ફરજ પરના અધિકારી જેમના ૧૮ જેટલા પુસ્તકો પ્રકાશિત થયા છે. તેવા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખશ્રી રમેશ ઠકકર અને મોરારી બાપુથી માંડીને રાધા ભીંજાય શ્યામથી કિર્તીદાન ગઢવી સાથેના રાસ-ગરબા આલ્બમની અને ૪ જેટલા ગઝલ સંગ્રહના રચયિતા શ્રી રમેશ ચૌહાણનું વિશિષ્ટ રીતે પરિચય આપ્યો હતો. તેમણે તમામ કવિઓના કાવ્ય વિષેના પ્રતિભાવ આપ્યા હતા.

આ પ્રસંગે લેખક સાહિત્યકાર શ્રી પ્રવિણભાઈ જોષી-પાલનપુર, એલ.આઈ.સી.ના શ્રી એમ.સી.કાશીપરા, નિવૃત્ત બેંક અધિકારીશ્રી હષિતભાઈ શ્રીમાળી, સાહિત્યકારશ્રી બાબુલાલ નાયક અને જયોતિષકાર શ્રી હરિલાલ પંડયા, કવિશ્રી પ્રેમ જામલિયા સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક વાત કરી હતી.

બીજા સત્રમાં કાવ્ય સંગ્રહમાં જેઓની કવિતાઓનો સમાવેશ કરાયો છે તેવા કવિ મિત્રોએ પોતાની કવિતાનું પઠન કર્યુ હતુ. જેનું સંચાલન શ્રીમતી અંજના શ્રીમાળી અને પારૂલ અમિત ધ્વારા કરવામાં આવ્યુ હતુ. શ્રી ભાનુભાઈ દવેએ સાલ ઓઢાડી ઉપસ્થિત કવિ મિત્રોને સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે પત્રકાર શ્રીમતી સુશીલાબેન, શ્રી બિપીનભાઈ, શ્રી ભીખુભાઈ કવિ, શ્રી મેહુલ કવિ, પૂર્વ સમાજ કલ્યાણ અધિકારીશ્રી પ્રવીણભાઈ શ્રીમાળી (શીલજ) અને શ્રી મુળશંકરભાઈ (નારદીપુર) સહિત અનેક સાહિત્યિક રસિકો ઉપસ્થિત રહયા હતા.



જિલ્લાની ફૂટબોલ ટુર્નામેન્ટની અંદર ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ચેમ્પિયન ગુજરાત સરકાર દ્વારા આયોજિત કપ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંડર-૧૭ સ્પર્ધામાં ઓમ લેન્ડમાર્ક સ્કૂલ મેદાન મારી પ્રથમ નંબરે આવી હતી.



સર્વવિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા માં એનસીઈઆટી અને તેની સાથે સંલગ્ન સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત દ્વારા વર્કશોપનું આયોજન કરવામા આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ વાર્તાઓ , ચિત્રો અને બીજી અનેક રસપ્રદ સમૂહ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સમસ્ત બ્રહ્મસમાજ પેથાપુર શાખા દ્વારા સરસ્વતી વંદના કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, સેક્ટર-૧૬ માતૃસંસ્થા અંતર્ગત પેથાપુર શાખા દ્વારા સરસ્વતી વંદના, વિધાર્થી સન્માન સમારોહ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, સેકટર-૧૬ માતૃસંસ્થાના પ્રમુખશ્રી નરેશભાઇ દવે, મહામંત્રીશ્રી મુકેશભાઇ શુક્લ, ખજાન્ચીશ્રી નરેન્દ્રભાઇ વ્યાસ, ગાંધિનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર તથા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, સેક્ટર -૧૬ ના ઉપ-પ્રમુખશ્રી ગૌરાંગભાઇ વ્યાસ, ગાંધીનગર બ્રહ્મ સમાજ સેક્ટર-૧૬, ના ઉપ-પ્રમુખશ્રી ધનંજયાભાઇ યાજ્ઞીક, સેક્ટર-૩ શાખાના પ્રમુખ રાજેશભાઇ દવે, મુંબઇ બ્રહ્મ સમાજના પ્રમુખ તથા અન્નપૂર્ણા શક્તિપીઠ, અંબાસણના મેનેજીંગ ડીરેક્ટર શ્રી મધુસુધનભાઇ જાની ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વિધાર્થી સન્માન સમારોહ કાર્યક્રમમાં શ્રી રાકેશસિંહ બાદરસિંહ રાઠોડ (પૂર્વ સરપંચ), ગામ. દશેલા જેઓએ વિધાર્થી પુરસ્કાર કાર્યક્રમ તથા બ્રહ્મ ભોજનના મુખ્ય દાતા તથા શ્રીમતી સ્મિતાબેન રૂષિકુમાર જાની વિધાર્થી પુરસ્કારના દ્વિતીય દાતા અને ચાંદ્રકાંતભાઇ પંડ્યા ત્રુતિય દાતાશ્રી હતા. વધુમાં કાર્યક્રમમાં આવેલ સર્વેજનોનો શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, પેથાપુર કારોબારી સૌનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.



દલિત સેના ગાંધીનગર દ્વારા ગાંધીનગર કલેકટરને અનુસૂચિત જાતિના ઈસમો દ્વારા હત્યા અંગે કડક પગલાં લેવા આવેદન પત્ર આપ્યું હતું.

## સનાતન ધર્મ સંસ્કૃતિના શિક્ષણ કેન્દ્રોનો લાભ લેવા અનુરોધ


ગાંધીનગર, તા. ૧૮

વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના સંસ્થાપક પૂ.પા.ગો. ૧૦૮ વ્રજરાજકુમાર મહોદયની પ્રેરણાથી ગાંધીનગરમાં ઈન્ફોસીટી જુનીયર કોલેજ અને હવેલી મંદિર સે. ૨૧ ખાતે દર રવિવારે સવારે સનાતન ધર્મ અને પુષ્ટિ સંપ્રદાયનું ૬ થી ૧૬ વર્ષના બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપવાના બે કેન્દ્રોનું તા. ૧૬-૭-૨૩, રવિવારના રોજ સંસ્થાના પ્રભારી જશવંત ગાંધીએ ઉદ્ઘાટન કર્યુ હતુ. સંસ્થાના પ્રમુખ ડૉ. પ્રદિપ ગગલાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થાના એજ્યુકેશન હેડ દિપેશભાઈ પરીખે મોર્ડન ટેકનીક અને વૈજ્ઞાનિક અભિગમથી તૈયાર કરવામાં આવેલી અભ્યાસક્રમની માહિતી આપી હતી અને આ કેન્દ્રોના લાભ લેવા તેમના મો. નં. ૯૪૨૬૬૩૦૧૦૦નો સંપર્ક કરવા જણાવ્યું હતું. આ કેન્દ્રોમાં અનુભવી શિક્ષકો અલ્પાબેન જાની, તૃપ્તિબેન પરીખ, રેખાબેન કડિયા, નિરાલીબેન શાહ, સ્મિતાબેન તલાટી, શીતલબેન દલાલ અને સુકેશીબેન શાહ સેવાઓ આપનાર છે.

# પારસમણી ફાઉન્ડેશન દ્વારા ઉમાશંકર જોષી જન્મ જયંતી નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઉમાશંકર જોષી જન્મ જયંતી નિમિત્તો સમગ્ર ગુજરાતમાં ૭૫ કાર્યક્રમનું આયોજન અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ પારસમણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવશે.





ગાંધીનગર શ્રી પી.કે ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજ, સેકટર-૭ ખાતે શુક્રવાર દિનાંક ૨૧ જુલાઈ સવારે સાડા આઠ વાગ્યે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા ગઝલકાર કવિ શ્રી કિશોર જિકાદરા ઉમાશંકર જોષીની કાવ્ય રચનાઓનું પઠન કરશે જ્યારે જાણીતા વાર્તાકાર અને નવલકથાકાર શ્રી કલ્પેશ પટેલ ઉમાશંકર જોષીનો વાર્તા વૈભવ અને નિબંધ વિશે વાત કરશે. પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત ઉમાશંકર જોષીની જીવન ઝરમર વિશે વાત કરશે.

આ કાર્યક્રમના યજમાન પદે ચૌધરી કોલેજના આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરી રહેશે જયારે કટાર લેખક ડૉ. અશ્વિન ત્રિવેદી, ડૉ. પૌલમી પરમાર અને ડૉ. મયુર જોષી, રૂપીન શાહ પારસમણી ફાઉન્ડેશન વતી હાજર રહેશે. આ કાર્યક્રમનું સંચાલન ઉમાશંકર જોષી વિશેના અભ્યાસુ ડૉ. લીના સ્વાદીયા દ્વારા કરવામાં આવશે. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે સૌ સાહિત્ય પ્રેમીઓને આ કાર્યક્રમમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું છે.